સામેરી-પછી ગામ ગઢડે, આવિયા તે અલબેલ ।

કરે લીલા લલિત ભાત્યે, રસિયોજી રંગરેલ ॥૧॥
દિયે આનંદ દાસને, અતિહાસ વિલાસ હરિ કરી ।
સુંદર મનોહર મૂરતિ, જન નિરખે નયણાં ભરી ॥૨॥
નાવા જાય નિત્યે નીરમાં, સખા સર્વે સંગ લઇ ।
સંત સંગે શ્યામળો, અતિ રંગે રમે રાજી થઇ ॥૩॥
ઉછાળે જળ અતિ ઘણાં, સામસામા સખા મળી ।
એકકોરે અલબેલો થઇ, વધારે રમત્ય વળી ॥૪॥
કરે ક્રીડા જળમાંહિ, સખા સંગે શ્યામ રે ।
અનેક જીવ જીવન જોઇ, થાય પૂરણકામ રે ॥૫॥
નાહિ નિસર્યા નાથજી, જળમાંહિથી વળી બહાર ।
વસ્ત્ર પહેરી વાલ્યમો, થયા અશ્વ ઉપર અસવાર ॥૬॥
આવી બેઠા ઓસરિયે, સુંદર ઢળાવી ઢોલિયો ।
શોભે સમૂહ સંતનો, તેતો નવ જાય બોલિયો ॥૭॥
પ્રશ્ન ઉત્તર અતિ ઘણા, માંહોમાંહિ મળી કરે ।
પછી પ્રશ્ન લઇ પોતે, અલબેલોજી ઓચરે ॥૮॥
કરે અલૌકિક ઉત્તર આપે, સુણ્યો નોય કેદિ શ્રવણે ।
સાંભળી જન મગન થાય, ધન્ય ધન્ય સહુ ભણે ॥૯॥
નિત્ય નવી કરે વારતા, વળી નાય નિત્ય નીરમાં ।
શ્વેત વસ્ત્ર સુમનહારે, શોભે ઘણું શરીરમાં ॥૧૦॥
એમ લીળા બહુ કરતા, શ્રાવણ ભાદ્ર વહી ગયા ।
આવ્યો આસો આનંદકારી, દિવાળીના દિન થયા ॥૧૧॥
કર્યો ઉત્સવ અન્નકોટનો, સંત સહુ ત્યાં આવિયા ।
વિવિધભાત્યે ભોજન કરી, નાથે હાથે જમાવિયા ॥૧૨॥
પુરી માળા ત્યાં દીપની, તે અતિશે શોભે ઘણી ।
શ્વેતદ્વીપ સરખી દિસે, શોભા એ સદન તણી ॥૧૩॥
સુંદર સિંહાસન ઉપરે, અલબેલો બેઠા વળી ।
ધૂપ દીપ ને આરતી, મુનિજને કરી મળી ॥૧૪॥

જયજય શબ્દે કરી, સહુ નરનારી ઓચરે ।
એવી અલૌકિક લીળા, જન કારણે જીવન કરે ॥૧૫॥
પછી આપી આગન્યા, મુનિ જાઓ તમે ગુજરાત ।
અમે પણ ત્યાં આવશું, તમે સત્ય માનજો વાત ॥૧૬॥
સંત સર્વે સધાવિયા, હરિમૂરતિ ધારી ઉર ।
તે કેડ્યે આવ્યો કળજુગી, એક અજબ ગેબી અસુર ॥૧૭॥
કપટબુધ્ધિ મતિ ઉંધી, સુધી વાત સમજે નહિ ।
પૂરણ પાપી માંસસુરાપી, નકટી નાર્યો સંગે સહિ ॥૧૮॥
એના કુળના કઈક બીજા, જે ગામમાં ગેબ હતા ।
તે પણ તેને જઈ મળ્યા, છેડો નાખી થયા છતા ॥૧૯॥
ગેબિયે ગેબનાં ડિંગ દિધાં, તે સાચાં માન્યાં સાંભળી ।
સ્વામી જાશે જ્યાં સબકી, તિયાં કેડ્યે જાઈશ વળી ॥૨૦॥
જો જાય એ જળમાં, વળી નભ પયાલે પરવરે ।
કેડે કેડે હું જાઉં તિયાં, આજ એ નવ્વ ઉગરે ॥૨૧॥
આપે પરચો અમને, દિયે ડેરી ઉપાડી આ તટે ।
એમ મુરખ આગળે, દિધાં ડિંગ દોવટે ॥૨૨॥
બોલે બે કાંટા બોરડી, એક વાંકો ને સુધો સહિ ।
પોથી પુરાણ પાર વાતો, બાપલા સમજો નહિ ॥૨૩॥
બહુ દિન ચર્યો એ બોરડિયે, આજ મળ્યા શિંગાળા સ્વામીને ।
આજતો એ ઉગરે જો, મળે મને કરભામીને ॥૨૪॥
હલાં કરીને હાલો હવે, શું રહ્યા છો જોઈને ।
બંધુક એની બંધ કરૂં, કરવાલ ન કાપે કોઈને ॥૨૫॥
સતસંગી એવું સાંભળી, સહુ સામા ચાલિયા સજી ।
પાપી પાછા ભાગિયા, આ વાત મુવાની નિપજી ॥૨૬॥
અન્ય જન આડાં ફરી, સતસંગી પાછા વાળિયા ।
અસુરે એમ જાણિયું જે, થયા અમારા પાળિયા ॥૨૭॥
પછી ઉતારે એકાંત કીધી, ભાંગતિ રાત્યે ભાગિયો ।

જો સવારે સૂરજ ઉગશે તો, જરૂર જાણે જીવ ગયો ॥૨૮॥
એમ અસુરનું વિઘન ટાળી, શ્યામળિયોજી સજજ થયા ।
દરશન દેવા દાસને, દયાળે કરી દયા ॥૨૯॥
પછી પ્રભુજી પધારિયા, જેતલપુરે જીવન ।
તિયાં સંત તેડાવિયા, સહુ આવિયા મુનિજન ॥૩૦॥
અમદાવાદથી આવિયા, મોટેરા મુકતાનંદજી ।
સામા જઈ શ્રીહરિયે, આપિયું આનંદજી ॥૩૧॥
દિધાં દરશન દાસને, સંત નિરખી સુખિયા થયા ।
દિવસ દોય તિયાં રહી, પછી શ્યામ શ્રીનગર ગયા ॥૩૨॥
હેત જોઈ હરિજનનાં, ભુવન તેને પધારીયા ।
રેણિ રહી સુખ દઈ, નવલા નેહ વધારીયા ॥૩૩॥
પછી દિવસ વળતે, જોયાં ડેરાં દેવને ।
અનંત જીવ ઓધારવા, તે કેમ તજે ટેવને ॥૩૪॥
શહેર ફરી મહેર કરી, દીધાં તે દરશન દાન ।
અભય કરી આવ્યા હરિ, ભયભંજન ભગવાન ॥૩૫॥
ત્યાંથી પાછા પધારિયા, જેતલપુરને માંય ।
સંતને સુખ આપવા, રહ્યા દન દોય ત્યાંય ॥૩૬॥
પછી ત્યાંથી આવિયા, મોહન મેમદાવાદ ।
પુર બાહેર ઉતર્યા, ત્યાં કર્યો જ્ઞાનસંવાદ ॥૩૭॥
જન પ્રત્યે જીવન કહે, જેને જેટલો સતસંગ ।
તેને તેટલા પાપનો, થાય બાહેર ભિતર ભંગ ॥૩૮॥
તમે જાણો અમે ત્યાગીયું, ખાન પાન સુખ સંસાર ।
શીત ઉષ્ણ સહિ શરીરે, ભજીયે છીએ મોરાર ॥૩૯॥
આગ્યે મોટા અધિપતિ, જેનાં અતિ કોમળ અંગ ।
એક તનની જતનમાં, જન રહેતા બહુબહુ સંગ ॥૪૦॥
તેણે પણ પ્રભુ કારણે, કર્યાં તન મન સુખ ત્યાગ ।
સહ્યાં કષ્ટ શરીરમાં, ધન્ય ધન્ય તેનો વૈરાગ્ય ॥૪૧॥

એના જેટલું આપણે, કાંઈ ત્યાગ્યું નથી તનથી ।
માટે સંશય સુખ દુઃખનો, મેલી દેવો તનમનથી ॥૪૨॥
અમે જોને આવિયા, તમ કારણે તનધરી ।
મનવાણી પહોંચે નહિ, રહે નેતિનેતિ નિગમ કરી ॥૪૩॥
માટે અમારા દાખડા, સામું જોજયો સહુ મળી ।
અન્ય વાસના અંતરે, કોઈ રાખશો માં કહું વળી ॥૪૪॥
નરને નારી નારીને નરની, વળી પુત્રની પ્યાસ રહિ ।
તો બહોળા પુત્ર પુરુષ મળશે, થાશે ફજેતિ બહુ સહી ॥૪૫॥
મારો મુકી આશરો, જે વિષય સુખને વાંછશે ।
તે સુખ નહિ પામે સ્વપને, સામું પડ્યા દુઃખમાં પચશે ॥૪૬॥
એટલી વાત કરી હરિ, પછી પુરમાં પધારિયા ।
ભોજન બહુ ભવન કરી, જનમન મોદ વધારિયા ॥૪૭॥
પછી જમાડી સંતને, ત્યાંથી ચાલિયા તતકાળ ।
દેગામે દર્શન દઈ, આવ્યા ડભાણે દયાળ ॥૪૮॥
ત્યાં રાત્ય રહી સુખ દઈ, રસોઈ રૂડી જમ્યા ।
પછી આવી વરતાલ્યમાં, દિન સાત સુધી ખમ્યા ॥૪૯॥
એક વૃધ્ધ સાધુ વિકાર વિના, નાથની નજરે આવિયો ।
પ્રસન્ન થઈ પોતે પછી, સુંદર સ્વાંગ પહેરાવિયો ॥૫૦॥
બહુ વાત કરી હરિ, સંતને સુખિયા કર્યા ।
અનેક જન જીવન જોઈને, ભવસાગરનો ભય તર્યા ॥૫૧॥
પછી ત્યાંથી પધારિયા, આવિયા બુધેજ ગામ ।
જેજે જને નાથ નિરખ્યા, તે થયા પૂરણકામ ॥૫૨॥
ત્યાંથી હયે ચડી હરિ, જમ્યા ગોરાડચે ગોરસ ઘણાં ।
હેત જોઈ હરિ જનનું, જમતાં નવ રાખી મણા ॥૫૩॥
પછી પછચમે પધારિયા, ત્યાં રહ્યા હરિ એક રાત્ય ।
ત્યાંથી તરત ચાલિયા, પોતે પ્રભુજી પરભાત્ય ॥૫૪॥
ધન્ય ધોલેરા ગામમાં, વસે ભકત પુંજોભાઈ એક ।

જેને સનેહ ઘણો શ્યામશું, અતિ ઉરમાંહિ વિવેક ॥૫૫॥
તેને ભુવન ભાવશું, પધારિયા પોતે હરિ ।
જન મન મગન થયા, નાથ નિરખ્યા નયણાં ભરી ॥૫૬॥
સુંદર ભોજન વ્યંજન કરાવિયાં, જમાડિયા જીવનને ।
હેત જોઈ હરિજનનું, જમ્યા ભાવે તેનાં ભોજનને ॥૫૭॥
આપી સુખ અતિઘણાં, પછી આવિયા ગઢડે હરિ ।
પોતે પ્રેમે પધારિયા, માગશર સુદી ચોથે ફરી ॥૫૮॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળા-
નંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્રે શ્રીહરિએ ગઢડે
અન્નકોટનો ઉત્સવ કર્યો એ નામે ચોરાશિમું પ્રકરણમ્ ॥૮૪॥